દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

સોમવાર ૨ નવેમ્બર, ૨૦૨૬

રામલીલા મેદાનની રેલીથી હોલસેલ વેપાર ઘટ્યો પણ હોટલ ઈન્ડસ્ટ્રીને લીલાલહેર

દિલ્હીના રામલીલા મેદાનમાં તમામ વિપક્ષે રવિવારે 1 નવેમ્બરે મહારેલીનું આયોજન કર્યું હતું. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ અને રાજીનામાની માગ સાથે યોજાયેલી આ રેલીને કારણે દિલ્હીનું વેપારી જગત ચર્ચામાં આવ્યું છે. રેલીમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થવાની સંભાવના, વાહનવ્યવહાર પર નિયંત્રણો અને રસ્તાઓ પર બેરિકેડિંગની આશંકાને કારણે અનેક બજારોના વેપારીઓએ ચિંતા વ્યક્ત કરી હતી. વેપારીઓના સંગઠન ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI) એ તો હજારો કરોડ રૂપિયાના વેપારને અસર થવાની ચેતવણી આપી હતી. દિલ્હી દેશનાં મુખ્ય જથ્થાબંધ વેપાર કેન્દ્રોમાંનું એક છે. અહીંથી દેશના વિવિધ રાજ્યોમાં કપડાં, ઈલેક્ટ્રોનિક્સ, દવાઓ, મશીનરી, હાર્ડવેર, ઘરવપરાશની વસ્તુઓ અને અન્ય માલસામાનનો પુરવઠો થાય છે. રામલીલા મેદાનની આસપાસના વિસ્તારમાં આવેલી ચાંદની ચોક, સદર બજાર, ખારી બાવલી, ચાવડી બજાર, અજમેરી ગેટ અને દરિયાગંજ જેવી બજારોમાં રોજ મોટી સંખ્યામાં વેપારીઓ અને ગ્રાહકોની અવરજવર રહે છે.

રેલીને કારણે રસ્તાઓ પર અવરજવર મુશ્કેલ બનવાની આશંકાથી વેપારીઓએ દુકાનો બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. CTIના દાવા પ્રમાણે, રામલીલા મેદાનની આસપાસના પાંચ કિલોમીટરના વિસ્તારમાં આવેલી આશરે ત્રણ લાખ દુકાનોમાંથી લગભગ 2.5 લાખ દુકાનો બંધ રહેવાની શક્યતા હતી. દિવાળી અને અન્ય તહેવારોની આસપાસનો સમય દિલ્હી સહિત દેશભરના વેપારીઓ માટે મહત્ત્વપૂર્ણ હોય છે. આ સમયગાળામાં ગ્રાહકો કપડાં, સાડીઓ, તૈયાર વસ્ત્રો, ઘરેણાં, ભેટસોગાદો અને ઘરવપરાશની વસ્તુઓની ખરીદી કરે છે. દિલ્હીની કેટલીક બજારોમાં દેશભરમાંથી વેપારીઓ જથ્થાબંધ ખરીદી માટે આવે છે.

રેલીના કારણે વાહનવ્યવહાર અને બજારો સુધી પહોંચવામાં મુશ્કેલી થવાની આશંકાએ ખરીદદારોની અવરજવર પર અસર કરી હતી. વેપારીઓને ડર હતો કે બહારગામના ગ્રાહકો દિલ્હી આવવાનું ટાળશે અને તહેવારો માટેનો માલ ખરીદવાની તેમની યોજના મુલતવી રાખશે. આવી સ્થિતિમાં માત્ર દુકાનદારો જ નહીં, પરંતુ કપડાંના જથ્થાબંધ વેપારીઓ, વિતરકો, હોલસેલ એજન્ટો અને તૈયાર માલના સપ્લાયરોને પણ નુકસાન થવાની સંભાવના રહે છે. તહેવારોની મોસમમાં એક દિવસનો વેપાર ગુમાવવાથી કેટલાક નાના વેપારીઓની આખા સપ્તાહની કમાણી પર પણ અસર પડી શકે છે.

જો કે આ રેલીને કારણે દરેક ક્ષેત્રના વેપારમાં ઘટાડો જ થયો હોય એવું નથી. મોટી રેલીઓમાં હજારો લોકો એકત્ર થતા હોવાથી કેટલીક સેવાઓની માગ વધી શકે છે. જોકે, આ ક્ષેત્રોમાં વાસ્તવિક વેચાણ વધ્યું હોવાના આંકડા ઉપલબ્ધ ન હોય ત્યારે તેને સંભવિત લાભ તરીકે જ જોવું જોઈએ.

ચા-નાસ્તા અને ખાદ્યપદાર્થો: રેલીમાં ભાગ લેવા આવેલા લોકો માટે ચા, પાણી, નાસ્તો, બિસ્કિટ અને તૈયાર ખોરાકની માગ વધી હતી. મેદાનની આસપાસ અથવા અવરજવર ચાલુ હોય તેવા વિસ્તારોમાં નાના ફેરિયાઓને કમાણીની તક મળી શકે છે. ફૂડ એન્ડ બેવરેજીસ માટે તો આ દિવસ સોનાની લગડી જેવો સાબિત થયો હતો. એટલું જ નહીં રેલીના સ્થળ સુધી પહોંચવા માટે લોકો ખાનગી વાહનો, ટેક્સી અને અન્ય પરિવહન સેવાઓનો ઉપયોગ કર્યો હતો જેનાથી આ વેપારને પણ મોટો લાભ થયો હતો. મોટી ભીડને કારણે બોટલબંધ પાણી, ઠંડાં પીણાં અને અન્ય આવશ્યક વસ્તુઓની માગ વધી હતી. સૌથી વધુ લાભ તો હોટલ ઈન્ડસ્ટ્રી થયો હતો. હોસ્પિટાલિટી માટે તો દિવાળી પહેલા જ દિવાળી થઈ ગઈ હતી.

દિલ્હીના રામલીલા મેદાનની આસપાસ હોટેલ્સ મુખ્યત્વે અજમેરી ગેટ, નવી દિલ્હી રેલવે સ્ટેશન, પહાડગંજ અને દરિયાગંજ વિસ્તારમાં આવેલી છે.


સિંહની ત્રાડ વચ્ચે રસ-રાગભર્યો રઝળપાટ

દિવાળીની રજાઓ સામે છે. જો બહુ દૂર ન જઈ શકવાના હો તો અને અગાઉ ન જોયું હોય તો, ગીર જઈ આવો. પણ, ત્યાં જો સિંહ દર્શને જ જાઓ છે તો ગીર નથી ગયા એવું પણ જાણજો. પ્રવાસે જાઓ તો જે સ્થળે જવાના હો તેના વિશે શક્ય તેટલું વધુ જાણીને જવું. જેમણે જાણ્યું હોય તેને જણાવો. વિત્યા દાયકામાં ગીર અને ગિરનાર વિશે ઘણાં પુસ્તકો આવ્યાં અને ધ્રુવ ભટ્ટની 'અકૂપાર' નવલકથા પણ આવી જેણે ગીરની સંસ્કૃતિ, પ્રકૃતિ અને તેમાં વસતાં લોકોની કથા કહી. તો હવે વાંચો, 'ખમ્મા ગીરને!' 'ગુજરાતમિત્ર'નાં વાચકો જેને 'પંખીલોક' કોલમથી જાણે છે તેવા પ્રવીણ સરવૈયા 1992થી ગીર-પ્રવાસી છે. 'ખમ્મા ગીરને!' ના આરંભે લખેલી પ્રસ્તાવનામાંથી પહેલાં થોડું વાંચી લઈએ: 'શિયાળામાં ગીર કોઈ તપસ્વી યોગી જેવું લાગે. ઉનાળામાં દિગંબર સાધુઓની જમાત જેવું ભાસે અને ચોમાસામાં એ મેળામાં મહાલતાં ગ્રામ્ય કન્યાઓનો ખિલખિલાટ અને રૂમઝૂમ કરતાં લાવણ્યમય ઝુંડ જેવું દેખાય...!' (૨) 'પંખીઓ માટે તો ગીર એનું પિયર છે. ગુજરાતમાં જોવા મળતાં લગભગ ૫૨૬ જાતનાં પંખીઓમાંથી ૩૮૦ થી વધુ જાતનાં પંખીઓ એકલા ગીરમાં છે! (૩) ગીર એ હરવા-ફરવા કે માત્ર સિંહ જોવા માટેનું સ્થળ નથી પણ જીવન જીવવાની અદ્‌ભુત પાઠશાળા છે!

૧૩૧ પૃષ્ઠના આ પુસ્તકમાં ૧૮ પ્રકરણો છે - (1) ખજૂરી નેસ (2) ગીર-જાગીર (3) હનુમાનગાળા (4) પરિક્રમાને પગલે! (5) સાસણની સોડયમાં (6) રાવલ ડેમ (7) બરવાળા હનુમાન અને નાંદિવેલો (8) શિવતળી અને માલીઆઈનો મંડપ (9) ગળધરો (10) ચાચબાઈમાનાં થાનકે (11) ચિખલકુબા (૧૨) ગીરની તાસીર બદલાઈ રહી છે (૧૩) કનરાની વાટો (૧૪) કનકઈ નાકા સુધી (૧૫) બૃહદ ગીર દર્શન-માંકડા હનુમાન (૧૬) બૃહદ ગીર દર્શન - વાણિયાવીર (૧૭) બૃહદ ગીર દર્શન - કેદારિયા (૧૮) બૃહદ ગીર દર્શન-ભોજનાથ.

આ અનુક્રમણિકાની વિગતો કહે છે કે આ પ્રવાસી સિંહદર્શનવાળા નથી અને ગીરમાં અનેક પ્રકારનાં થાનકો છે સ્થાનો છે જેમાં ગીરના જીવનનો મહિમા છે. ગીરની આ સમગ્ર પ્રકૃતિને, લોકને ચાહતા પ્રવાસી અંગત અનુભૂતિ નોંધતાં નોંધતાં એવા ગીરને ઉઘાડતાં જાય છે કે આપણે ક્યારે પ્રવાસી થઈ ગયા તેની ખબરેય ન પડે! લેખક પોતે પંખીજગતના જાણકાર છે એટલે પંખીઓ ઓળખાવે ને તેની સાથે વનસ્પતિ-વૃક્ષજગતનેય ઓળખાવે.

ગીરભ્રમણ કરતી વેળા જે લોકો મળે તેનીય વાત માંડે એટલે મેઘાણીએ જે ચારણ કન્યાની વાતને કવિતામાં ઢાળી છે તે વિશેય નોંધ આવે. ભગવાનભાઈના મોઢેથી વાત કઢાવે, 'ખજૂરી નેસે બોધાભાઈ નામે ચારણની ચૌદ વરસની દીકરી હીરબાઈ છની



પુસ્તકઃ 'ખમ્મા ગીરને!' (પ્રવાસ નિબંધો) **લેખકઃ** પ્રવીણ સરવૈયા **પ્રકાશનઃ** શોપિંગ, ૨૦૧, અશ્વમેધ એલેગન્સ - ૨, અમદાવાદ મેઈન બજાર, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૦૬ **કિંમતઃ રૂા. ૩૧૨/-**

વાછડી બચાવવા હારું ડાંગ લઈને સાવજ સામે થઈ હતી. આ વાતને તો સો-પોણા સો વર્ષ થઈ ગયાં (ઈ.સ.૧૯૨૭-૨૮) આવું તો આ ગર્યમાં (ગીરમાં) બનતું જ હોય.' રયાજ જાણે કવિતાનું પાત્ર ગીરની ભોંય પર ભેટી ગયાનું અનુભવાય ને એટલું જ નહીં એ હીરબાઈની વંશકથા ક્યાં આગળ ધપી તે પણ જાણવા મળશે. ત્યાં વાત ચાલતી હોય સિંહની હૂંક સંભળાઈ. પચાસેક ફૂટના અંતરે ઊભો સિંહ તાકે. હવે બોલવાનું નહીં. સાવ ચૂપ.

જેટલાં પ્રકરણ છે તેનાથી અનેકઘણા અનુભવદર્શન છે. તેમાં પંખી તો ગમે ત્યારે ઊડી આવી બેસે, ટહુકે, 'આમ તો ગીરનું જોવા જેવું પંખી તે નવરંગ, લાલ, લીલા, પીળા, કાળા, કેસરી જેવા રંગો ધરાવતું, ચકલીથી થોડું મોટું આ પંખી અત્યારે જોવા મળે,' દક્ષિણ-કેરલ તરફથી એપ્રિલ-મેમાં ગીરમાં આવે! વાંચનારને થશે કે ગીરની પ્રકૃતિ અને પંખી-પશુ, લોકે સંસ્કૃતિ માણવા માટે સ્વયં એવા જ રસિક, ગીરખોજી જીવ હોવું ઘટે! આખા પુસ્તકમાં ભાષાનો જે કાકુ જળવાયો છે તે ગીરથી અનુપ્રાણિત મન-હૃદયનો છે. ગીરની ભૂમિ પર લહેરાતા મોલ અને તેમાં વસતાં માણસો સાથે વાત કરતાં આ પ્રવાસી ફરે છે- 'અમે મેડીએ ગીરની મધ્યમાં સિંહોનાં સ્વપ્ન ભરી રાત ગુજારીએ છીએ! તમે ગીરની માટીની ગંધ તમારા નાકમાં અનુભવવા માંડો એવું અહીં છે.

પણ પ્રવીણભાઈ નાની-નાની વિગતો આપવાનું અને ગીરમાં શું શું છે તેની વાત કરવાનું ચૂકતાં નથી. જ્યાં ફરે ત્યાં સરસ સંગી-સાથી શોધી લે તેથી ગીરની ભોમકા ભોમિયા સાથે ફર્યાનું જણાશે ને વિગતો મેળવે તો અસલય હોય, આજથી બસો પોણા-સો વર્ષ પહેલાં જોગીદાસ ખુમાણે નાંદિવેલો આશરો લીધેલો. જસદણના શેલા ખાચરે ભાવનગરના સરપાવની લાલચે એકસો ને વીસ ઘોડેસવારો સાથે જોગીદાસ અને ભાઈ ભાણને નાંદિવેલાના ગાળામાં ઘેરી લીધા, પણ આ બહાદુર બહારવટિયા બંધુઓના માત્ર દસ જ ઘોડેસવારોએ એ બધાને તગેડી મૂક્યા. એ ગાળો આજે પણ ભાણગાળો કહેવાય છે! ગીરમાં અનેક પ્રકારની કથા સર્જવાની શક્તિ છે. લેખક સ્વયં એ કથાઓની કથા ગુંથતા જાય છે એટલે ગીરમાં સિંહની ડણક વચ્ચેય વાચક રસભીનો રહે છે. રાત્રીના બારેક થયા છે. મોટા ભાગનાં ઊંઘી ગયા છે. અમે બે-ત્રણ મિત્રો ઝીણી ઝીણી વાતો કરીએ છીએ, ત્યાં પહુ- ચિતલનો ભયજનક અવાજ સંભળાયો. મગનભાઈ સૂતાં સૂતાં જ બોલ્યા, 'અર્જુન અવેડે આવીને ગયો!' ત્યાં તો ભયંકર ત્રાડ સંભળાઈ. સૂતા હતા તે પણ સફાળા બેઠા થઈ ગયા. સાવજની ત્રાડ અચાનક અને પ્રથમ વાર જેણે સાંભળી હોય એ તો હેબતાઈ જ જાય! આખા પુસ્તકમાં ભય અને રોમાંચ સતત અનુભવાતો રહેશે. સાથે જ ત્યાંનાં ધર્મસ્થાનકો અને તેની સાથેની માનતાઓ તમને ભક્તિમય કરશે. એટલે કહેવાનું એટલું કે ગીર જવાના હો તો વાંચજો ને ન જવાના હો તો ખાસ વાંચજો- ગીર ગયા સમું લાગશે.

અક્ષરની આરાધના
સંપાદનઃ બકુલ ટેલર

આજનો શબ્દ છે : નઘરોળ

નઘરોળનો અર્થ થાય નઠોર, જડ, બેફિકરું, આળસુ, એદી, નીંભર. જેને કોઈ ચિંતા કે કાળજી ન હોય, જેની સંવેદના કે લાગણી મરી પરવાર્યાં હોય, જેને શરમ ન હોય. સ્વામી આનંદના ૧૯૭૫ માં પ્રગટ એક પુસ્તકનું નામ 'નઘરોળ' હતું. માત્ર વધારે જાણવું તેને પણ નઘરોળ કહે છે અને આ વિશેષણ (Adjective) તરીકે વપરાય છે. તળપદી કે લોકબોલીના શબ્દોની ઉત્ક્રાંતિ દરમિયાન 'ઘેઘુર' અથવા મોટો જડ જેવા શરીરવાળા અર્થ પરથી આ શબ્દ રૂઢ થયો છે. એક લોકગીતમાં પ્રયોગ છે: 'નાની નકટી ને નઘરોળ રે..'

વચન

સાધુ એટલે સાધનાવંતા, જીવનને સાધના ગણીને જીવનારા, જિંદગીના તમામ ઝીણા-મોટા વહેવાર 'મય્યર્પિત મનોબુદ્ધિ' વાળી પ્રભુસમર્પણ ભાવનાથી કરનારાં ભક્ત માણસો.

સ્વામી આનંદ

અંગત સ્વાર્થ હોય, ત્યાગ, બલિદાન, પ્રેમ કે પરોપકાર હોય, પરંતુ મનુષ્ય ઘણી વાર ઝેર અથવા ઝેર જેવી સ્થિતિને જાણવા છતાં સામે ચાલીને ભેટે છે, કાળની થપાટો ખાય છે અને પાછો ફિનિક્સ પંખીની જેમ ઊભો થાય છે. જીવનની આ જ તો ગતિ અને આ જ રીતિ છે એવું નથી લાગતું?

મનુભાઈ પંચોળી 'દર્શક'
(ઝેર તો પીધાં જાણી જાણી)

આંસુ જે આપે તે આંસુ દ્વારા જ ઝીલી શકાય.

સુરેશ હ. જોષી
('છિન્નપત્ર' માં)

હું પૂછું, તમે કહો

(૧) ધ્રુવ ભટ્ટની એ નવલકથા જેનો નાયક નર્મદા કાંઠાના આદિવાસી ગામમાં આવી ચડે છે અને નવા અનુભવો કરે છે. એ નવલકથા પરથી 'રેવા' નામની ફિલ્મ પણ બની છે. કહો કઈ નવલકથા?
(ક) કર્ણલોક (ખ) અતરાપી
(ગ) તત્ત્વમસિ (ઘ) અકૂપાર

(૨) ૧૯૫૭ માં પ્રગટ થયેલો સુરેશ જોષીનો એ વાર્તાસંગ્રહ જેની 'કિંચિત' શીર્ષક હેઠળ લખાયેલી વાર્તાકારની પ્રસ્તાવનાએ ગુજરાતી વાર્તા સાહિત્યમાં ભાષા, શૈલી ક્ષેત્રે નવા પ્રવાહનું આહ્વાન કરેલું.
(ક) છિન્નપત્ર (ખ) ગૃહપ્રવેશ
(ગ) ઈદમ્ સર્વમ્ (ઘ) અપિ ચ

(૩) ગુજરાતી વાચકોમાં ૧૯૨૪ માં પ્રગટ થતું 'કુમાર' સામયિક ખૂબ લોકપ્રિય રહ્યું છે. તેનો ૧૦૦૦ મો અંક કયા મહિના-વર્ષમાં પ્રગટ થયો?
(ક) માર્ચ - ૨૦૨૪ (ખ) જાન્યુઆરી - ૧૯૯૮
(ગ) જૂન - ૨૦૦૧ (ઘ) એપ્રિલ - ૨૦૧૧

(૪) એ રશિયન લેખક જેમની 'ધ મધર' નવલકથા ખૂબ જ જાણીતી થઈ હતી અને સમાજવાદી વાસ્તવદર્શન માટે વિશેષ ચર્ચામાં રહેલી. આ નવલકથાના લેખક કોણ છે?
(ક) મોક્સિમ ગોર્કી (ખ) ટોમસ માન
(ગ) વિલિયમ ફોકનર (ઘ) ડી. એચ. લોરેન્સ

(૫) વીનેશ અંતાણીની એ નવલકથા જેના નાયક-નાયિકાનાં નામ છે નિકેત અને ચારુ. આ નવલકથાની અનેક આવૃત્તિ થઈ છે.
(ક) અનુત્વ (ખ) કાફલો
(ગ) પ્રિયજન (ઘ) બીજું કંઈ નથી

૧૮-૫ '૬-૪ '૫-૩ '૪-૨ '૩-૧
ઉત્તરો

પુસ્તકો મળ્યાં છે


અજય સોનીનો નિબંધસંગ્રહઃ 'મારી સાંજ, મારો વરસાદ'



જેમના બે વાર્તાસંગ્રહોએ વાર્તાસાહિત્યમાં ઘણી ચર્ચા જગાવી અને સન્માન-પુરસ્કારો મેળવ્યા, તે અજય સોનીએ લઘુનવલ, સંવેદનકથાઓ પણ લખી છે અને હવે તેમના 26 નિબંધો 'મારી સાંજ, મારો વરસાદ' સંગ્રહમાં પ્રગટ થયા છે. 'આ નિબંધોમાં હું મારી પોતીકી વિવિધ છબીઓ જોઉં છું. મારી ભીતરનાં રસ-રૂપ-ગંધ અને સ્પર્શની વાચા અનુભવું છું' જેવા શબ્દો સાથે નિબંધકાર વાચકોને આમંત્રે છે.

પુસ્તકઃ 'મારી સાંજ, મારો વરસાદ' નિબંધકારઃ અજય સોની પ્રકાશકઃ ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ કિંમતઃ રૂ. 180/-

વીનેશ અંતાણીના અનુવાદમાં 'ખોવાયેલા સમયનો સમુદ્ર'



ઉત્તમ નવલકથાકાર કે વાર્તાકાર જ્યારે પરભાષી વાર્તાઓના અનુવાદ કરે, ત્યારે તેને માત્ર અનુવાદ તરીકે ન જોઈ શકાય. એ વાર્તાઓ તેમની સર્જકતા, રસ અને રુચિપૂર્વકના ભાવનની ઓળખ પણ બને છે. આ વાર્તાસંકલનમાં એન્ટન ચેખવ, પર્લ એસ. બક, ગેબ્રિયલ ગાર્સિયા માર્કેઝ, એલિસ મનરો, માર્ગરિટ એટવુડ, હારુકી મુરાકામી, હાન કાંગ, એડગર એલન પો અને રોમાનિયન લોકવાર્તાઓ અનુવાદરૂપે પ્રાપ્ત થાય છે. વાંચવું પડે!

પુસ્તકઃ 'ખોવાયેલા સમયનો સમુદ્ર' (વાર્તાનુવાદ)
અનુવાદકઃ વીનેશ અંતાણી પ્રકાશકઃ અરુણોદય પ્રકાશન કિંમતઃ રૂ. 235/-

'શ્રી 420' ફિલ્મ જો જોઇ છે તો વાંચો આ પુસ્તક



ફિલ્મકલાકારો ફિલ્મો અને ફિલ્મવિષયક અભ્યાસો પ્રગટ થતા રહે છે તેમાં આ એક પુસ્તક આજે પણ ખૂબ લોકપ્રિય અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા એવા રાજકપૂરે બનાવેલી યાદગાર ફિલ્મો પૈકી શ્રી 420 વિશેનો મઝાનો અભ્યાસ છે. અનેક દૃષ્ટિથી ફિલ્મનાં રસસ્થાનો ઉઘાડી આપનાર આ પુસ્તકમાં ડાયલોગ, સંગીત, કથાતત્ત્વ, રાજકપુર, નરગીસ, લલિતા પવાર, નાદિરા જેમો કુમાર વિશે પણ વિગતો મળશે. આખું પુસ્તક જાણે ફિલ્મ જોતાં હોય તેમ એક પછી એક દૃશ્યની વાત કરતું આગળ વધે છે. પુસ્તકના લેખક સહુ પ્રથમ તો શ્રી 420ના અઠંગ રસિયા પ્રેક્ષક છે. રાજકપૂર માટેનો આદરમિશ્રિત પ્રેમ દરેક શબ્દમાં અનુભવાશે. જો તમને રાજકપૂર ગમે છે, શ્રી 420 ગમે છે તો આ પુસ્તક ગમશે.

પુસ્તકઃ શ્રી 420ઃ ફિલ્મનો આસ્વાદ લેખકઃ ચંદ્રકાન્ત કડિયા પ્રકાશકઃ ચંદ્રકાન્ત કડિયા, One4g/80 ઇસ્કોન આંબલી રોડ, અમદાવાદ-380058 મૂલ્યઃ રૂા. 200.

એમ.કે. ગાંધીઃ વકીલાતનાં વર્ષોમાં ચાર્લ્સ આર. ડિસાલ્વાનાં પુસ્તકનો નીના ભાવનગરીએ કરેલો અનુવાદ....

જે ગાંધીજીને આપણે વધુ જાણ્યા તે તો 1915માં ભારત આવ્યા પછીના ગાંધી છે પણ તે પહેલાં સૌથી મહત્ત્વનો ઘટનાક્રમ ઘડાવતો ગાંધીજીને ગાંધીજી બનાવવાનો ચરખો શરૂ થયો તે તો દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના એ વકીલ તરીકેનાં વર્ષો હતા અને જબરજસ્ત હતાં. ત્યારે તેનો માણસના સંઘર્ષને એ સંઘર્ષોમાં કાયદાની ભૂમિકાને અને ન્યાય વિનાની સત્તાને જોઇ શક્યા. ગૃહસ્થજીવનનો સંઘર્ષ પણ અનુભવ્યો. એ વર્ષોને જાણવાં હોય તો એમ.કે. ગાંધી વકીલાતનાં વર્ષોમાં મહાત્મા બન્યા પૂર્વે પુસ્તકો વાંચો. લેખક છે ચાર્લ્સ આર. ડિસાલ્વા અને અનુવાદ કર્યો છે નીના ભાવનગરીએ. મહત્ત્વના પુસ્તકનો ઉત્તમ અનુવાદ.


પુસ્તકઃ એમ.કે. ગાંધીઃ વકીલાતનાં વર્ષોમાં લેખક : ચાર્લ્સ આર. ડિસાલ્વા, અનુવાદઃ નીના ભાવનગરી. કિંમતઃ 300/-, પ્રકાશકઃ યજ્ઞ પ્રકાશન ભૂમિપુત્ર ગુજરાત પણા, વડોદરા- 390001.

શર્ટનું ત્રીજું બટન

શીર્ષક જૂદું છે ને નવલકથા પણ જૂદી છે. માનવ કૌલના આ પુસ્તક વિશે કહેવાયું છે કે કેટલાંક પુસ્તકો કેવળ વાંચવા માટે હોય છે અને બીજાં થોડાં પુસ્તકો અનુભવવા માટે. આ નવલકથામાં કિશોરમનની પરિપક્વ થવાની ક્ષણોનું આલેખન છે. આ અનુભવ પકડવા ખાસ દૃષ્ટિ અને સ્વાનુભૂતિ જોઇએ. કંદર્પ દેસાઇ અનુવાદિત આ પુસ્તક એક જૂદો અનુભવ કરાવશે.

પુસ્તકઃ શર્ટનું ત્રીજું બટન (નવલકથા) લેખકઃ માનવ કૌલ અનુવાદકઃ કંદર્પ ર. દેસાઈ પ્રકાશકઃ અરુણોદય પ્રકાશન અમદાવાદ-380001. મૂલ્યઃ રૂા. 300/-

હસમુખ કે. રાવલનાં દીર્ઘકાવ્યો: 'અજવાળાં લ્યો અજવાળાં'



અછાંદસ કાવ્યસ્વરૂપ અને ગઝલ-ગીતસ્વરૂપમાં કામ કરનારા અલગ અલગ વર્તાયા કરે છે. એવું કેમ? છોડો. હસમુખ કે. રાવલનાં 10 દીર્ઘકાવ્યોને સમાવતો સંગ્રહ છે 'અજવાળાં લ્યો અજવાળાં'. 'પૃથ્વી, પ્રકૃતિ, પર્યાવરણ, માણસ, માનસમન, માનવટોળાં અને માનવસમાજના ધબકતા સંકુલ શ્વાસ મારી કલમનાં ઉદ્દીપક!' એમ કહેતાં કવિનાં આ કાવ્યો રસિકોને આહ્વાન કરે છે.

પુસ્તકઃ 'અજવાળાં લ્યો અજવાળાં' કવિઃ હસમુખ કે. રાવલ પ્રકાશકઃ ઝેન ઓપસ, અમદાવાદ કિંમતઃ રૂ. 200/-

બઝમે જિંદગીઃ રંગે, શાયરી મીર તકી 'મીર'

મીર તકી 'મીર', ઉર્દૂના મહાન શાયર.
જન્મ- 1723, મૃત્યુ-20, સપ્ટેમ્બર 1810,
જન્મસ્થાન-આગ્રા.

'કુલ્લીયતે-મીર': ઉર્દુ રચનાઓના છ દીવાનોનો સંગ્રહ, 'કુલ્લીયતે- ફારસી'માં ફારસી રચનાઓનો સંગ્રહ, ફૈઝ-એ-મીરઃ પાંચ વાર્તાઓનો સંગ્રહ અને 'જિક્ર-એ-મીર' તેમની આત્મકથા છે.

ઉર્દુભાષાના સ્વરૂપને નિખારવામાં મોટું પ્રદાન. 'શાયરી કે ખુદા' તરીકે તેમને યાદ કરવામાં આવે છે. તેમની રચના બેગમ અખ્તરે ગાયેલી છે. સંગીતકાર ખૈયામે 'બાજાર' ફિલ્મમા તેમની ગઝલ લીધેલી. મજરૂહ સુલતાનપુરીએ તેમની ગઝલની પ્રથમ બે પંક્તિ-મત્લાતે લઈ આગળ આખું ગીત લખેલું. 'પત્તા પત્તા બૂટા બૂટા... ફિલ્મ 'એક નજર!

રાહ-એ-દૂર-એ-ઈશ્ક મેં રોતા હૈ ક્યા
આગે આગે દેખીએ હોતા હૈ ક્યા
* * * * * * * *
પત્તા પત્તા બૂટા બૂટા હાલ હમારા જાને હૈ
જાને ન જાને ગુલ હી ન જાને બાગ તો સારા જાને હૈ
* * * * * * * *
ઉલ્ટી હો ગઈ સબ તબ્દીરેં કુછ ન દવા ને કામ કિયા
દેખા ઈસ બીમારી-એ-દિલને આખિર કામ તમામ કિયા
* * * * * * * *
બારે દુનિયા મેં રહો ગમ-જદા યા શાદ રહો
એસા કુછ કર કે ચલો યાં કિ બહુત યાદ રહો
* * * * * * * *
દિખાઈ દિએ યૂં કિ બે-ખૂદ કિયા
હમેં આપ સે ભી જુદા કર ચલે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સંબંધોમાં લાગણી ઘટી, સ્વાર્થ વધ્યો!

એક સમય હતો જ્યારે સંબંધો લાગણી, વિશ્વાસ અને આત્મીયતાના આધારે બંધાતા હતા. કોઈના ઘરે સુખ હોય કે દુઃખ, સગાંસંબંધીઓ અને મિત્રો પૂછ્યા વગર હાજર થઈ જતા. એકબીજાની મદદ કરવામાં કોઈ હિસાબ રાખવામાં આવતો નહોતો. આજે સમય બદલાયો છે અને સંબંધોની વ્યાખ્યા પણ બદલાતી જાય છે.

આજના સમયમાં ઘણીવાર સંબંધો પણ ફાયદા જોઈને બાંધવામાં આવે છે. જ્યાં સુધી કામ હોય ત્યાં સુધી ફોન આવે, જરૂરિયાત હોય ત્યાં સુધી મીઠાશ રહે અને સ્વાર્થ પૂરો થાય એટલે સંબંધોમાં અંતર વધી જાય છે. સોશિયલ મીડિયા પર જન્મદિવસની શુભેચ્છાઓ આપનારા અનેક હોય છે, પરંતુ મુશ્કેલીના સમયે સાથ આપનારા બહુ ઓછા હોય છે.

આનો અર્થ એવો નથી કે બધા સંબંધો સ્વાર્થી બની ગયા છે, પરંતુ નિસ્વાર્થ લાગણીનું પ્રમાણ ચોક્કસ ઘટતું જણાય છે. સંબંધો જાળવવા માટે સમય, સમજણ અને એકબીજાની કદર જરૂરી છે. દરેક સંબંધમાં અપેક્ષા રાખવાને બદલે ક્યારેક કોઈ અપેક્ષા વગર પણ સાથ આપવો જોઈએ. કારણ કે પૈસાથી સુવિધાઓ ખરીદી શકાય છે, પરંતુ સાચા સંબંધો નહીં. સવાલ એ છે કે આપણે સંબંધો નિભાવીએ છીએ કે માત્ર જરૂરિયાતો પૂરી કરીએ છીએ?

સુરત - પંકજ પટેલ

ખુશી કરતાં દેખાડો ભારે!

આજના સમયમાં માણસ પોતાની ખુશી અનુભવવા કરતાં દુનિયાને બતાવવામાં વધુ વ્યસ્ત થઈ ગયો છે. ક્યાં ફરવા ગયા, શું ખાધું, કઈ ખરીદી કરી, કોની સાથે સમય વિતાવ્યો... દરેક વાત સોશિયલ મીડિયા પર મૂકવાની જાણે હોડ જામી છે. જન્મદિવસ હોય કે લગ્નપ્રસંગ, પ્રવાસ હોય કે સામાન્ય જમણવાર, કેમેરામાં કેદ કરીને અપલોડ ન કરીએ ત્યાં સુધી જાણે આનંદ અધૂરો લાગે છે.

પરંતુ આ દેખાડાની દુનિયા પાછળ એક અલગ જ વાસ્તવિકતા છુપાયેલી છે. સોશિયલ મીડિયા પર હજારો મિત્રો અને ફોલોઅર્સ હોવા છતાં મુશ્કેલીના સમયે વાત કરવા માટે કોઈ મળતું નથી. બીજાની ખુશી જોઈને પોતાની જિંદગી સાથે સરખામણી કરવાની ટેવ પણ વધી રહી છે. પરિણામે અસંતોષ અને એકલતા વધે છે.

પહેલાં લોકો પ્રસંગો યાદગાર બનાવવા ફોટા પડાવતા, આજે ફોટા સારા આવે એ માટે પ્રસંગો માણવાનું ભૂલી જાય છે. ટેક્નોલોજીનો ઉપયોગ ખોટો નથી, પરંતુ તેનો ગુલામ બનવું ચોક્કસ નુકસાનકારક છે. સવાલ એ છે કે આપણે ખરેખર ખુશ રહેવા માગીએ છીએ કે માત્ર ખુશ દેખાવા? કારણ કે લાઇક્સ અને કમેન્ટ્સથી લોકપ્રિયતા મળી શકે, પણ સાચો આનંદ અને આત્મીયતા નહીં.

બીલીમોરા - ચૈતાલી રાણા

ફૅશનના નામે દેખાદેખીનો વધતો ક્રેઝ!

એક સમય હતો જ્યારે લોકો કપડાં ખરીદતી વખતે તેની ગુણવત્તા અને જરૂરિયાત જોતા હતા, પરંતુ આજે ફૅશનના નામે દેખાદેખીનો ક્રેઝ એટલો વધી ગયો છે કે લોકો પોતાની આવક કરતાં શોખને વધુ મહત્ત્વ આપવા લાગ્યા છે. કોઈએ મોંઘો મોબાઇલ લીધો તો આપણે પણ લેવો, કોઈએ બ્રાન્ડેડ કપડાં પહેર્યાં તો આપણે પણ ખરીદવાં. જાણે બીજાથી પાછળ રહી જવું એ અપમાન હોય!

આજે ફાટેલાં કપડાં પહેરવાં પણ ફૅશન છે. મોંઘી બ્રાન્ડનાં નામે સામાન્ય વસ્તુઓના અનેકગણા ભાવ ચૂકવવામાં આવે છે. લગ્નપ્રસંગોમાં પણ સાદગી કરતાં દેખાડો વધુ જોવા મળે છે. સોશિયલ મીડિયા પર બીજાની જીવનશૈલી જોઈને પોતાની જરૂરિયાતો અને આવક ભૂલીને ખર્ચ કરવાની માનસિકતા વધી રહી છે.

ફૅશન કરવી